# ડૉ. સુધીર શાહ, એડવોકેટને શ્રધ્ધાંજલિ

ગુજરાતમિત્રના પ્રિય વાચકો,

અત્યંત દુ:ખ સાથે જણાવવાનું કે આપણી દર બુધવારે આવતી વિઝાનું માર્ગદર્શન આપતી કોલમ અમેરિકા વિઝા ગાઈડના લેખક ડૉ. સુધીર શાહ, એડવોકેટ હવે આપણી વચ્ચે નથી રહ્યા. ફક્ત ગુજરાતમિત્રને જ નહીં પણ ગુજરાતના રહેવાસીઓને અથવા તો એમ કહી શકાય કે સંપૂર્ણ ભારતના તેમજ અમેરિકાના અને વિશ્વના કોઈ પણ ખૂણે રહેનારા વિઝા ઈચ્છુકને ખૂબ મોટી ખોટ પડી ગઈ છે.

મિત્રો, હું સંગીતા જોશી, ડૉ. સુધીર શાહ, એડવોકેટની પત્ની છું. હું એક અભિનેત્રી પણ છું. આજે હું ગુજરાતમિત્રના તંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું. કારણ કે તેઓ જાણતા હતા કે ડૉ. શાહની સાથે સાથે હું પણ એમને અમેરિકાના વિઝાના કાર્યમાં આટલા વર્ષોથી મદદ કરતી આવી છું અને ડૉ. શાહનો હંમેશાથી આગ્રહ હતો કે એમના ગયા પછી પણ એમનું લોકોને અમેરિકાના વિઝા મેળવી આપવામાં મદદ કરવાનું કાર્ય ચાલુ રહે એટલે કે 'શો મસ્ટ ગો ઓન'. આ નિયમ હેઠળ તંત્રીશ્રીનો આગ્રહ હતો કે હું આ કોલમ ચાલુ રાખી અને અમેરિકાના વિઝા ઈચ્છુકોને ગુજરાતમિત્રના માધ્યમથી સતત મદદરૂપ થતી રહું. આથી મેં આ ચેલેન્જ કહો તો ચેલેન્જ અને મિશન કહો તો મિશન ઉપાડી લેવાનો નિર્ણય લીધો છે. હવેથી હું તમને સૌને આ મારી 'વિઝા મિત્ર' કોલમ હેઠળ અમેરિકાના વિઝા બાબત અમેરિકાની નવી જૂની માહિતી આપતી રહીશ.



સ્વ. ડૉ. સુધીર શાહ



સંગીતા જોશી

**વિઝા મિત્र**

★ સંગીતા જોશી

તો મિત્રો ચાલો, આપણે આપણી આ નવી કોલમમાં શરૂઆત કરીશું, નવા કાર્યોની, ચંદ્ર પર પગ ભરવાની, નવું અપનાવવાની, દુનિયામાં ખૂબ આગળ જવાની અને સૌને માર્ગ દર્શાવવાની. આજે સંપૂર્ણ વિશ્વ યુદ્ધના ઓથાર હેઠળ જીવી રહ્યું છે. ઈરાન ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધમાં અમેરિકા પણ સક્રિય રીતે ભાગ લઈ રહ્યું છે. આથી અમેરિકાના વિઝા મેળવવાની ઈચ્છા ધરાવતા વિઝા ઈચ્છુકોમાં ગભરાટ વ્યાપી ગયો છે. પછી એ કોઈપણ પ્રકારના વિઝા હોય, ઈમિગ્રન્ટ કે નોનઈમિગ્રન્ટ, વિઝા ઈચ્છુક પોતાના દેશમાં હોય કે જુદા પ્રકારના વિઝા અથવા સ્ટેટસ ધરાવીને અમેરિકામાં જ રહેતો હોય અને પોતાના દેશમાં જઈને નવા પ્રકારના અમેરિકાના વિઝા મેળવવા ઈચ્છતો હોય કે પોતાની પાસે જે વિઝા હોય એનો સમય લંબાવવા માગતો હોય.

આજે વિશ્વમાં બધા ઠેકાણે ખળભાટ વ્યાપી ગયો છે કે આ યુદ્ધના કારણે તેઓ જે વિઝા મેળવવા ઈચ્છે છે એ મેળવી શકશે કે નહીં? જો મેળવી શકશે તો ક્યારે મેળવી શકશે? કેટલા સમય પૂરતા મેળવી શકશે? શું તેઓનું અમેરિકન સ્વપ્નું પૂરું થશે? જો તેઓના કુટુંબીજનો અમેરિકામાં રહેતા હશે તો શું તેઓ વચ્ચે મેળાપ થશે? જે વિદ્યાર્થીઓ અમેરિકાની યુનિવર્સિટીમાં ભણવા જવા માગે છે એ શું અમેરિકા જઈને ભણી શકશે કે એમનું એ સ્વપ્ન હંમેશ માટે રોળાઈ જશે? શું એમણે યુનિવર્સિટીઓમાં ભરેલી મોંઘી ફી નકામી તો નહીં જાય ને? જે લોકો અમેરિકામાં નોનઈમિગ્રન્ટ વિઝા ઉપર નોકરી કરે છે શું તેઓની નોકરીઓ ચાલુ

**ડૉ. શાહનો હંમેશાથી આગ્રહ હતો કે એમના ગયા પછી પણ એમનું લોકોને અમેરિકાના વિઝા મેળવી આપવામાં મદદ કરવાનું કાર્ય ચાલુ રહે એટલે કે 'શો મસ્ટ ગો ઓન'.**

રહેશે? શું તેમના વિઝા લંબાશે? શું વેપારીઓ નવો વેપાર અમેરિકામાં શરૂ કરી શકશે? શું પ્રવાસીઓ અમેરિકા જેવો સુંદર દેશ જોવા જઈ શકશે? શું મા-પિતા પોતાના સંતાનોને કે સંતાનો મા-પિતાને મળી શકશે?

તો આ બધા જ સવાલોના જવાબો તમને મારા આવતા લેખમાં મળી જશે.

જો તમને આ કોલમ ગમી હોય તો તમારો પ્રતિભાવ જરૂર જણાવજો અને તમારા મનમાં અમેરિકાના વિઝાને લગતો કોઈ પણ સવાલ હોય તો જરાય ખચકાતા નહીં. બેધડક પૂછજો. ચાલો ત્યારે, આવજો.●

# બેંકના તારણમાં આપેલું સોનું બેંક ગ્રાહકને નોટિસ આપ્યા વિના વેચી શકે નહીં

**ગ્રાહક મંચ**

★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

કેટલીયે મધ્યમવર્ગીય વ્યક્તિઓ, નાનીમોટી નાણાંકીય જરૂરતના પ્રસંગે ઘરમાં પડી રહેલું સોનું (યાને સોનાના દાગીના) બેંક યા નાણાંકીય સંસ્થાને તારણ (Hypothecation)માં આપી તેની સામે લોન મેળવતા હોય છે. જો આવી લોનની પરત-ચૂકવણી નિશ્ચિત શરતો મુજબ અને નિશ્ચિત સમય-મર્યાદામાં ગ્રાહક દ્વારા ન થાય તો જે તે બેંક/નાણાંકીય સંસ્થાને ગ્રાહકે ડિપૉઝીટ કરેલું સોનું હરાજી (auction)થી વેચીને તેની વેચાણ-ઊપજમાંથી લોનની બાકી રકમ વ્યાજસહિતની વસૂલ મેળવવાનો હક પ્રાપ્ત થતો હોય છે પરંતુ બેંક/નાણાંકીય સંસ્થા આવા હકનો ઉપયોગ પણ આડેધડ યા મનસ્વી રીતે કરી શકે નહીં.

સર્વોચ્ચ ગ્રાહક અદાલત યાને નેશનલ કમિશને HDFC Bank Ltd વિ. શર્મિલા દાસગુપ્તાના કેસમાં આપેલો ચુકાદો આ બાબત મહત્ત્વનો અને માર્ગદર્શકરૂપ છે.

શર્મિલા દાસગુપ્તા (મૂળ, સામાવાળા) એ બેંક પાસેથી રૂ.૪૮,૦૦૦/-ની ગોલ્ડ લોન તા.૦૫/૦૫/૨૦૦૭ના રોજ મેળવી હતી. જો કે ત્યાર બાદ નબળી નાણાંકીય પરિસ્થિતિને કારણે ફરિયાદી મજકૂર ગોલ્ડ લોનના EMI નિયમિત ભરી શક્યા ન હતાં. બેંકની ઉઘરાણી પછી ફરિયાદીએ તા.૦૭/૦૭/૨૦૦૭ના રોજ રૂ. ૧૫૦૦/-ગોલ્ડ લોન ખાતામાં જમા કરાવ્યા હતા.

ત્યાર બાદ બેંકે ગોલ્ડ લોન ખાતાની બાકી તમામ રકમ વ્યાજસહિત ચૂકવી લોન ખાતું બંધ કરવાની ફરિયાદીને સૂચના આપી હતી પરંતુ ફરિયાદી તેમ કરી શક્યા ન હતા. ત્યાર બાદ બેંકે ફરિયાદીને તા.૧૦/૦૮/૨૦૦૭ના રોજનો પત્ર પાઠવીને ફરિયાદીએ બેંકમાં ડિપૉઝિટ કરાવેલ સોનું વેચીને તેના વેચાણ-અવેજમાંથી બેંકે ગોલ્ડ લોન ખાતાની બાકી રકમ વસૂલ લઈ લીધી હોવાનું જણાવ્યું હતું તેમ જ સોનાના વેચાણ અવેજની રકમમાંથી લોનની બાકી રકમ રિકવર કર્યા બાદ વધેલી રકમ રૂ. ૧૦,૦૨૪/-નો બેંકર્સ ચેક પણ ફરિયાદીને મોકલ્યો હતો. ફરિયાદીની ગણતરી મુજબ ૧૧૩ ગ્રા. વજનના સોનાના દાગીનાની કિંમત




રૂ.૧,૨૫,૬૫૬/- થતી હતી અને બેંકે ખોટી તથા મનસ્વી રીતે દાગીના વેચી માર્યા હતા. જેથી ફરિયાદીએ જિલ્લા ગ્રાહક અદાલતમાં બેંક સામે ફરિયાદ કરી હતી. જિલ્લા ફોરમ અને સ્ટેટ કમિશનમાં થઈને મામલો આખરે નેશનલ કમિશન સમક્ષ પહોંચ્યો હતો.

નેશનલ કમિશનની પ્રિસાઈડીંગ મેમ્બર શ્રીમતી શ્રીશા અને મેમ્બર ડૉ. એસ.એમ. કાનિકરની બેંચે વિવિધ પાસાંઓની છણાવટ કરતા જણાવ્યું હતું કે હરાજીના દિવસે સોનાનો બજાર-ભાવ શું હતો તે બેંક પુરવાર કરી શકી નથી. વધુમાં હરાજી કરીને સોનું વેચી નાંખતી વખતે બેંકે ફરિયાદીને નોટિસ આપીને

**નાનીમોટી નાણાંકીય જરૂરતના પ્રસંગે ઘરમાં પડી રહેલું સોનું (યાને સોનાના દાગીના) બેંક યા નાણાંકીય સંસ્થાને તારણ (Hypothecation)માં આપી તેની સામે લોન મેળવતા હોય છે**

હરાજીમાં ભાગ લેવાની પણ તક આપી ન હતી. જે કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધનું હતું. નોટિસ આપ્યા વિના ફરિયાદીના સોનાને વેચી નાંખવાના બેંકના કૃત્યને નેશનલ કમિશને અનફેર ટ્રેડ પ્રેક્ટિસ અને સેવામાં ખામી લેખાવ્યું હતું તથા ફરિયાદીના ૧૧૩ ગ્રા. સોનાના બજારભાવની રકમમાંથી સામાવાળા બેંકની લોનની બાકી પડતી રકમ બાદ કરીને બાકી વધતી રકમ ફરિયાદીને પરત ચૂકવવાનો સામાવાળી બેંકને આદેશ આપતો જિલ્લા ફોરમનો હુકમ કન્ફર્મ કર્યો હતો.

આમ, ગ્રાહકે તારણમાં મૂકેલું સોનું બેંક ગ્રાહકને નોટિસ આપ્યા વગર વેચી શકશે નહીં એવા કાનૂની સિદ્ધાંતને આ ચુકાદાથી પુષ્ટિ મળી છે.●

**: કેન્ડલ લાઈટ :**

**ચાંદ મહેમાન બનીને આવ્યો છે આજે ઓ પ્રભુ,**
**આજ તો રાતની સીમાઓ વધારી આપો**
**-'આદિલ'મન્સૂરી**